મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ . . .

દૂધસાગર પત્રિકા

અંક : 4 । વર્ષ - 6 । નવેમ્બર - 2026 (સળંગ અંક : 64) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

સાગરોત્સવ

દૂધના આશરે અમારી ઉજળી દિવાળી

કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત નૂતન સહકાર મંત્રાલય ગ્રામ્ય કક્ષાએ એક નવા ભારતનું નિર્માણ કરી રહ્યું છે

પશુ સંવર્ધન એક આખું વિજ્ઞાન છે

ખબરદાર પશુ આહારમાં જો ભેળસેળ કરશો તો !









સમયસર થયેલા યોગ્ય અને ઉદાર નિર્ણયોથી થયું છે દૂધસાગરનું સશક્તિકરણ

પશુ સંવર્ધન એક આખું વિજ્ઞાન છે

દૂધસાગરના પશુપાલકો આ વિજ્ઞાન અપનાવશે તો પરંપરાગત પશુપાલક કરતાં વધુ આવક મેળવી શકશે



પશુપાલનમાં સંવર્ધન (Breeding) એટલે પશુઓની ઓલાદ (નસલ) સુધારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવતી પ્રજનનની પ્રક્રિયા !! સરળ શબ્દોમાં કહીએ તો, ભવિષ્યમાં વધુ દૂધ આપનારા નિરોગી અને ગુણવત્તાયુક્ત પશુઓ મેળવવા માટે ઉચ્ચ કક્ષાના નર અને માદા પશુઓનું મિલન કરાવવાની પદ્ધતિને સંવર્ધન કહેવાય છે.

પશુપાલનમાં સંવર્ધન શા માટે જરુરી છે ? તેને ડેરી ફાર્મિંગના ગણીત દ્વારા સરળતાથી સમજી શકાય છે. ભારતમાં Non Descript (કોઈ ચોક્કસ ઓલાદની ના હોય તેવી) ગાય રોજનું માંડ ૨.૫ થી ૩.૫ લીટર દૂધ આપે છે. જ્યારે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંવર્ધન થયેલી શુદ્ધ ગીર, કાંકરેજ અને સંકર (Crossbred) ગાય રોજનું ૧૫ થી ૨૫ + લીટર દૂધ આસાનીથી આપી શકે છે.

વૈજ્ઞાનિક પદ્ધતિથી સંવર્ધન થયેલી ગીર, કાંકરેજ અને સંકરગાય રોજનું 15 થી 25+ લીટર દૂધ આસાનીથી આપી શકે છે

ગાય - ભેંસ ગમે તેટલું દૂધ આપે પણ, તેને રોજનો ખોરાક (નિભાવ માટે) તો સરખો જ આપવો પડે છે. તેથી, ઓછું દૂધ આપતાં પશુઓ રાખવાથી પશુપાલન ખોટનો ધંધો બને છે. પશુઓની ઓલાદ સુધારવી એજ આ સમસ્યાનો કાયમી અને આનુવંશિક (Genetic) ઉકેલ છે. જો ઉચ્ચ આનુવંશિક ગુણ ધરાવતા નર દ્વારા માદાનું સંવર્ધન કરાવવામાં આવે તો પશુઓની આવનારી પેઢીની ઉત્પાદકતા ખૂબ સારી રીતે વધારી શકાય છે.

પશુપાલનમાં સંવર્ધનનું આજના સમયે ખૂબ જ મહત્વ છે. કારણ કે તે પશુઓની દૂધ ઉત્પાદન ક્ષમતા, રોગપ્રતિકારક શક્તિ અને આવનારી પેઢીની ગુણવત્તા નક્કી કરે છે. ડેરી ઉદ્યોગ માટે વૈજ્ઞાનિક ઢબે સંવર્ધન કરવું એ સમયની જરુરીયાત છે.

પશુપાલનના વ્યવસાયમાં સંવર્ધન માટે ત્રણ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે :

■ શુધ્ધ સંવર્ધન (Pure Breeding)

આ પદ્ધતિમાં એક જ ઓલાદના શ્રેષ્ઠ પશુઓ વચ્ચે સંવર્ધન કરાવાય છે. જેમ કે, ઉચ્ચ ગુણવત્તાવાળી કાંકરેજ ગાયનું - કાંકરેજ આખલાના વીર્યથી અને ગીર ગાયનું - ગીર આખલાના વીર્યથી કે મહેસાણી ભેંસનું - મહેસાણી બૂલથી જ ગર્ભાધાન કરાવવું જેથી પશુઓની ઓલાદની શુધ્ધતા જળવાય છે.

ઓછુ દૂધ આપતાં પશુઓ રાખવાથી પશુપાલન ખોટનો ધંધો બને છે ત્યારે પશુઓની ઓલાદ સુધારવી એજ આ સમસ્યાનો કાયમી ઉપાય છે.

■ સંકર સંવર્ધન (Cross Breeding)

આ પદ્ધતિમાં બે અલગ-અલગ ઓલાદના પશુઓ વચ્ચે ક્રોસ કરાવવામાં આવે છે. જેમ કે, દેશી ગાયનું વિદેશી નસલ (HF અથવા જર્સી) સાથે ક્રોસ કરાવવામાં આવે છે. આનાથી દૂધ ઉત્પાદનમાં ઝડપી વધારો થાય છે. આ સંકરણ એવા પશુઓમાં જ કરવું જોઈએ કે જેમની દૂધ ઉત્પાદન ક્ષમતા ખૂબ જ ઓછી માત્રામાં હોય.

આ દિપાવલીએ સાથે મળી આવો
સૌ સંકલ્પ કરીએ પશુસંવર્ધન અપનાવી
પોતાની સાથે દૂધસાગરને પણ સમૃદ્ધ કરીએ

ગ્રેડિંગ અપ (Grading Up)

ઓછું દૂધ ઉત્પાદન આપતી હોય તેવી ગાયો - ભેંસોને સતત પાંચથી છ પેઢી સુધી ઉચ્ચ ઓલાદના આખલા - પાડાના વીર્યથી ફેળવવામાં આવે છે. જેથી અંતે તે નબળી ગાયો - ભેંસોની પેઢી પણ શુધ્ધ અને ઉચ્ચ ઓલાદ જેવી બની જાય છે. પરંતુ, આ પદ્ધતિમાં સુધારા માટે ખુબ જ સમય લાગે છે.

પશુ સંવર્ધનનું મહત્વ અહીં આ વાતોથી સમજાશે

સારી ઓલાદના આખલા કે પાડાના વીર્ય (Semen) નો ઉપયોગ કરીને ગર્ભાધાન (AI) કરવાથી જન્મનારી વાછરડી - પાડી મોટી થઈને તેની માતા કરતાં અનેક ઘણું વધુ દૂધ આપનારી બને છે. અને, પશુ દીઠ દૂધનું ઉત્પાદન વધવાથી પશુપાલકોની આવકમાં સીધો વધારો થાય છે.

આપણા દૂધસાગર વિસ્તારમાં દૂધ માટે પ્રખ્યાત એવી મહેસાણી ભેંસ તથા દૂધ અને ખેતીકામ બંને માટે ઉપયોગી એવી કાંકરેજ ગાય તથા પોતાના દૂધની આગવી ગુણવત્તા માટે જાણીતી ગીર જેવી શ્રેષ્ઠ નસલો છે. આ પશુઓનું સંવર્ધન કરવાથી તેની અસલ ઓલાદ જળવાઈ રહે છે અને પશુઓ લુપ્ત થતાં અટકે છે.

યોગ્ય સંવર્ધન દ્વારા તૈયાર થયેલા પશુઓ રોગો અને મસ્ટાઈટિસ (ગળિયો) સામે વધુ રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે.

આપણા વિસ્તારના ગરમ વાતાવરણમાં મહેસાણી ભેંસ, દેશી પશુઓ (કાંકરેજ અને ગીર) અથવા ૫૦% સુધીની સંકર (Cross Breed) ગાયો સંવર્ધન થકી ગરમી સહન કરવાની કુશળતા વધુ સારી રીતે કેળવી સકતી હોવાથી ઉનાળામાં પણ તેમની દૂધ ઉત્પાદન ક્ષમતા જળવાઈ રહે છે.

દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આ પશુઓ સૌથી વધુ અનુકૂળ રહેશે





મહેસાણા - પાટણ જિલ્લાની આબોહવા, ગરમી, ભેજ અને ભૌગોલિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી ડેરી ફાર્મિંગ માટે મહેસાણા અને તેની આસપાસના વિસ્તારો માટે મહેસાણી ભેંસ સૌથી ઉત્તમ અને કુદરતી રીતે અનુકૂળ ઓલાદ છે. આ ઓલાદ મુર્રાહ અને સુરતી ભેંસના કુદરતી સંકરણ (Cross) માંથી વિકસી હોવાનું માનવામાં આવે છે.

- મહેસાણી ભેંસ મહેસાણા - પાટણ જિલ્લાની આકરી ગરમી (૪૫ સેલ્સીયસ ડિગ્રી કે તેથી વધુ) અને બદલાતા ભેજવાળા વાતાવરણને સહન કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે.
- મહેસાણી ભેંસ સરેરાશ ૨૨૦૦ લીટર પ્રતિ વેતર (અંદાજિત ૧૦ થી ૧૨ લીટર પ્રતિ દિવસ) દૂધ આપે છે અને સારી માવજત ધરાવતી મહેસાણી ભેંસ 3000+ લીટર (અંદાજિત ૧૫ થી ૨૫ લીટર પ્રતિ દિવસ) સુધી પણ દૂધ આપી શકે છે.

મહેસાણી ભેંસના દૂધમાં ફેટ (Fat) નું પ્રમાણ સરેરાશ ૭% અને S N F નું પ્રમાણ ૯% જેટલું ઉંચુ હોય છે. જેઆર્થિક રીતે પશુપાલકને વધુ ફાયદો અપાવે છે.

- મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) પોતાના સ્થાપના સમયથી મહેસાણી ભેંસના દૂધને કારણે સ્વાદ અને સુગંધની દુનિયામાં એક આગવું સ્થાન ધરાવે છે અને મહેસાણી ભેંસના દૂધમાંથી બનેલા દૂધ ઉત્પાદનો સારી બજાર કિંમત ધરાવતા હોવાથી આપણી દૂધસાગર ડેરી પણ ભેંસના દૂધની અલગથી વધુ કિંમત ચુકવે છે.
- મહેસાણી ભેંસ વધુ વેતર સુધી વિયાણ આપવાની ક્ષમતા ધરાવતી હોવાથી પશુપાલકને તેનો ખૂબ લાભ મળે છે.
- મહેસાણી ભેંસની રોગપ્રતિકારક શક્તિ પ્રમાણમાં ખૂબ જ સારી છે. સંકરગાયોની સરખામણીમાં મહેસાણી ભેંસમાં ગળિયાનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે.


સંકરગાય (HF x KANKREJ)

જો પશુપાલકનો મુખ્ય ઉદ્દેશ માત્ર દૂધનું વધુ ઉત્પાદન મેળવવાનો હોય અને તમે પશુની ગરમીમાં કાળજી રાખી શકતા હોવ, તો ૫૦% થી ૭૫% HF (Holstein Friesian) સંકર ગાય રાખવી ઉત્તમ છે.

શુદ્ધ HF ગાયો ઠંડા વાતાવરણની છે. પરંતુ, જો ઓછું દૂધ ઉત્પાદન આપતી (દેશી કે કોઈ ચોક્કસ ઓલાદ ના હોય તેવી) ને HF બુલ જોડે સંકરણ (Cross) કરવામાં આવે તો આવનારી પેઢી ખુબ સારુ ઉત્પાદન આપી શકે છે.

- સંકરગાય આપણા વિસ્તારની આબોહવા (ગરમી અને ભેજવાળું વાતાવરણ) સહન કરી શકે છે. અને જો તેમને ફુવારા અને પંખા તથા હવા ઉજાસ વાળું વાતાવરણ પુરુ પાડવામાં આવે તો તે ખૂબ સારુ દૂધ ઉત્પાદન આપી શકે છે.
- આ પ્રકારની એચ.એફ ક્રોસબ્રીડ ગાયો રોજનું ૧૫ થી ૨૫+ લીટર (પ્રતિ વેતર ૩૦૦૦ થી ૫૦૦૦ લીટર) દૂધ આસાનીથી આપી શકે છે.



ગાય (HF 100%)

કોમર્શિયલ ડેરી ફાર્મિંગ માટે આપણા દૂધસાગર વિસ્તારના પશુપાલકો ૧૦૦% HF ગાયો રાખે છે. એચ.એફ ગાય પ્રતિદીવસ ૩૦-૪૦ લીટર (પ્રતિ વેતર ૫૦૦૦ થી ૮૦૦૦ લીટર) કે તેથી પણ વધુ દૂધ આપી શકે છે. પરંતુ આપણા વિસ્તારની ગરમ અને ભેજવાળી આબોહવા ૧૦૦% HF ગાય માટે બિલકુલ અનુકૂળ ના હોવાથી આવી ગાયો રાખવી હિતાવહ નથી.

આપણા વિસ્તારની ગરમ અને ભેજવાળી આબોહવા 100% HF ગાય માટે બિલકુલ અનુકૂળ ના હોવાથી આવી ગાયો રાખવી હિતાવહ નથી

છતાંય, દૂધસાગર કાર્યક્ષેત્રના ખેરાલુ, સતલાસણા, માણસા, વિજાપુર વિસ્તારમાં આવી ૧૦૦% HF ગાયો રાખવાનું પ્રમાણ ખુબ વધી રહ્યું છે.

- જો તમારા ફાર્મ પર આવી ૧૦૦% HF ગાયો હોય તો આ ગાયો માટે ફાર્મ પર કૂલિંગ સિસ્ટમ (પંખા HVLS/Heavy duty fans, ફુવારા અને શેડમાં પૂરતી હવા-ઉજાસ) અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત લીલો ચારો અને પશુઆહાર (પ્રોટીનનું પ્રમાણ વધુ હોય તેવું દાણ) સાથે મિનરલ મિક્સચર પણ આપવું ખુબ જરુરી છે. નહિંતર આવી ગાયોને હાંફ ચડવો, તેમના દૂધ ઉત્પાદનમાં ઝડપી ઘટાડો થવો, ફેટ / SNF માં ઘટાડો થવો, ગળિયો (Mastitis) થવો, રોગ પ્રતિકારક શક્તિ ઘટવી, ઈતરડી (Ticks) કે અન્ય પરજીવીઓથી થતા રોગ થવા, પશુ બીમાર પડવું, પશુનું અચાનક મૃત્યું થવું વગેરે શક્યતાઓ રહેલી છે.


કાંકરેજ ગાય


ગીર ગાય

આપણા વિસ્તારની આબોહવાને ધ્યાનમાં રાખીએ તો સૌથી અનુકૂળ ઓલાદ એ કાંકરેજ અને ગીર ગાય છે. પરંતુ, તેમનુ દૂધ ઉત્પાદન સંકર કે HF ગાયો કરતાં ઓછું હોય છે.

- કાંકરેજ ગાયોમાં ગરમી સહન કરવા માટે વિશિષ્ટ સ્વેદ ગ્રંથિઓ (Sweat glans) હોય છે. જેથી તે ૪૭ સેલ્શિયસ ડિગ્રી સુધીની ગરમી પણ સહન કરી શકે છે. તેની ચામડી જાડી હોવાને કારણે ઈતરડી કે અન્ય પરજીવીઓથી થતા તાવ સામે તે કુદરતી પ્રતિકાર શક્તિ ધરાવે છે.

તો, ગીર ગાયનું મૂળ વતન સૌરાષ્ટ્ર હોવાથી તે મહેસાણા - પાટણ વિસ્તારમાં થોડીક માવજત રાખવામાં આવે તો વાતાવરણને અનુકૂળ બની જતી હોય છે.

■ આ ગાયો માટે કોઈ ખાસ કાળજી જેવી કે પંખા અને ફુવારા ની સગવડો ઓછાવત્તા અંશે હોય કે ના હોય તો પણ આપણા વાતાવરણને તે અનુકૂળ બની જાય છે.

■ શુધ્ધ નસ્લની કાંકરેજ ગાય પ્રતિવેતર ૧૫૦૦ થી ૨૫૦૦ લીટર અને ગીર ગાય પણ લગભગ લગભગ એટલું જ દૂધ આપે છે.

■ આ બંને ગાયોના દૂધ ઉચ્ચ ગુણવત્તાવાળા એટલે કે A2 પ્રકારના હોવાથી તેને પોષ્ટિક દૂધ ગણવામાં આવે છે. જેમાં ચરબીનું પ્રમાણ ૪.૫% થી વધુ હોય છે.

■ કાંકરેજ અને ગીર ગાયો ઓછી ગુણવત્તાવાળો સૂકો ચારો અને ખાણદાણ ખાઈને પણ એકંદરે સારુ દૂધ આપી શકે છે જેથી નિભાવ ખર્ચ ઓછો આવે છે.

દૂધસાગર ડેરીના તજજ્ઞ વેટરનરી વિભાગના ડોક્ટરો દ્વારા આપવામાં આવેલ માહિતી પ્રમાણે અમારા વાંચકો સમક્ષ "પશુ સંવર્ધન" અંગેની સંપૂર્ણ લેખ મૂકી રહ્યા છીએ. એક તરફ દૂધસાગર અને અમૂલ પ્રશાસન તરફથી કોમર્શિયલ ડેરી ફાર્મિંગ તરફ પશુપાલકોને વાળવાનો અભૂતપુર્વ પ્રયત્ન થઈ રહ્યો છે. અને આપણે બધા જાણીએ છીએ તેમ છેલ્લા કેટલાય સમયથી લગભગ દરેક સપ્તાહે આ બંને સંસ્થાના વર્તમાન ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી યુવા અને આધુનિક વિચારધારા ધરાવતા પશુપાલકોના ડેરી ફાર્મની ગ્રાઉન્ડ ઝીરો મુલાકાત કરી પ્રોત્સાહન આપી રહ્યા છે ત્યારે આવો આપણે બધા આ દિપાવલીએ સંકલ્પ બદ્ધ થઈએ કે પશુ ખરીદીમાં અને પશુ સંવર્ધનમાં આપણે આજ વિજ્ઞાનને સાથે રાખી - વિકાસના પંથે આગળ વધીશું !!

કડક નિયંત્રણો ! દરેક દુકાન – પ્રોસેસિંગ યુનિટ માટે અલગ લાયસન્સ લેવું અનિવાર્ય

પશુઆહારમાં ભેળસેળ કરનારાઓની ખેર નથી !

ગુજરાત સરકાર દ્વારા નવો કડક કાયદો અમલમાં

હવે, પશુઆહારમાં હલકી ગુણવત્તા કે ઝેરી તત્વો મળ્યા તો જેલ ભેગા થવું પડશે !



રાજ્યમાં પશુધન સાથે સંકળાયેલા ખેડૂતો અને પશુપાલકોને શુધ્ધ, પોષણક્ષમ અને ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત પશુઆહાર અને મિનરલ મિશ્રણ ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ અધિનીયમ ૧૨, ઓક્ટોબર - ૨૦૨૬ થી સમગ્ર રાજ્યમાં સત્તાવાર રીતે અમલમાં આવી ગયો છે. નવા કાયદામાં ગ્રાહકો અને પશુપાલકો સાથે થતી છેતરપીંડી રોકવા માટે સખત દંડ અને જેલની જોગવાઈ રાખવામાં આવી છે. હલકી ગુણવત્તા કે ભેળસેળ વાળો પશુઆહાર વેચવા બદલ રુ.૫ લાખ સુધીનો દંડ અને ૧ વર્ષ સુધી લાયસન્સ રદ કે સસ્પેન્ડ થઈ શકે છે.

ગુજરાત રાજ્યમાં બનતા કે બહારના રાજ્યોમાંથી આવતા તમામ પશુઆહારે BIS અને ICAR ના ધોરણો જેવા કે; પેકિંગ બોરી પર ગુણવત્તા અને ઘટકોની તમામ માહિતી સ્પષ્ટપણે દર્શાવવી અનિવાર્ય છે તથા પશુઆહારમાં કોઈપણ હાનિકારક દ્રવ્યો કે પ્રતિબંધિત એન્ટિબાયોટિક્સ વાપરી શકાશે નહી.

નકલી કે અસુરક્ષિત પશુઆહારના કારણે પશુનું મૃત્યું થાય તો ૭ થી ૧૦ વર્ષ સુધીની સખત જેલની સજા અને રુ.૧૦ લાખ સુધીનો દંડ ફટકારવામાં આવશે. આ કાયદામાં, કલમ ૧૭ મુજબ જે ખેડૂતો પોતાના ઘરના કે પોતાનાજ પશુઓ માટે જાતે આહાર તૈયાર કરે છે અથવા સંશોધન માટે વપરાતા આહાર પર આ કાયદો લાગુ પડશે નહીં. ગુજરાત વિધાનસભામાં આ કાયદાના અમલીકરણ વખતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ઉપમુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, GCMMF દૂધસાગરના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયા અને M D શ્રી જયેનભાઈ મહેતા ઉપસ્થિત રહીને ગુજરાત સરકારના આ કદમને અભિનંદીત કર્યો હતો.

લાયસન્સ વગર વેચાણ કરનારને રુપિયા પાંચ લાખ સુધીનો દંડ, ઘરે આહાર બનાવનારા ખેડૂતોને કાયદામાંથી મુક્તિ



મહેસાણા દૂધસાગર ડેરી અને GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીની તાજેતરમાં નેશનલ કો. ઓપરેટિવ ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NCDFI) માં ડિરેક્ટર તરીકે નિમણૂક થતા સમગ્ર સહકારી ક્ષેત્રમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. વિતેલા છ વર્ષોમાં તેમણે દૂધસાગર ડેરીમાં કરેલી ઉમદા કામગીરીની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ સહકારીતાની ફોરમ સર્વત્ર ફેલાવી રહી છે. આજ કારણોસર, સૌથી નાની ઉંમરે તેમને GCMMF (ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન) ના ચેરમેન તરીકે અગાઉથી જ જવાબદારી સોંપી દેવામાં આવી છે. અને અમૂલ (GCMMF) તેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આજે તેના સર્વોચ્ચ સ્થાને પહોંચીને વિશ્વકક્ષાએ પોતાનું પ્રદાન આપી રહી છે.

NCDFI એટલે કે National Cooperative Dairy Federation of India (નેશનલ કો.ઓપ. ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા લી.) તે ભારતની સહકારી ડેરીઓનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સંગઠન (Apex Body) છે.

આ સંસ્થાની સ્થાપના ૭ ડિસેમ્બર ૧૯૭૦ ના રોજ કરવામાં આવી હતી. અને તે મલ્ટી - સ્ટેટ કો. ઓપ. સોસાયટી એક્ટ હેઠળ કાર્ય કરે છે.

NCDFI ની મુખ્ય કામગીરીમાં તે ભારત સરકારના મોટા લશ્કરી અને અર્ધલશ્કરી દળો (જેવા કે ભારતીય લશ્કર - Indian Army, ITBP વગેરે) તેમજ IRCTC અને રેલવે કેટરિંગ સેવકોને દૂધ અને ડેરી ઉત્પાદનો પૂરો પાડવા માટે કેન્દ્રિય સંકલનકાર તરીકે કામ કરે છે. આ સાથે, NCDFI ની કામગીરીમાં સહકારી ડેરી સંસ્થાઓના વિકાસ અને કાર્યક્ષમતામાં વધારો કરવો, e - Market દ્વારા દૂધની

સહકારી ક્ષેત્રે મહેસાણાનું નામ રાષ્ટ્રીય ફલક પર ગૂંજ્યું

અશોકભાઈ ચૌધરીની NCDFI ના ડિરેક્ટર તરીકે નિમણૂંક

સ્વચ્છ સહકારી નેતા તરીકે રાષ્ટ્રીય સ્તરે કદ અને પ્રતિષ્ઠામાં વધારો

બનાવટો, પશુઆહાર માટેના કાચા માલ અને અન્ય કૃષિ સબંધિત વસ્તુઓના વેપારને સરળ બનાવવાનો, પશુપાલન - દૂધની ગુણવત્તા - પશુ ઉત્પાદકતા અને સહકારી વ્યવસ્થાપન અંગેની તાલીમ અને માર્ગદર્શન આપવાનું કામ રાષ્ટ્રીય સ્તરે કરે છે. આપણા અશોકભાઈ ચૌધરીની આ પ્રતિષ્ઠિત સંસ્થામાં નિમણૂંક થવી એ દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રના છ - લાખ પશુપાલકો માટે ગૌરવની વાત છે.

GCMMF અને હરિયાણા સરકાર વચ્ચે થયેલા MoU અંતર્ગત અંદાજીત 1200 કરોડનું રોકાણ થશે

આશરે 20,000 જેટલી રોજગારીની તકો ઉભી થશે



ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન અને કેન્દ્રિય ગૃહ તથા સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના સહકારી ક્ષેત્રને મજબૂત કરવાના વિઝન અંતર્ગત તાજેતરમાં હરિયાણા રાજ્યમાં અમૂલના વિસ્તરણને નવી ગતિ આપવા માટે હરિયાણાના મુખ્યમંત્રીશ્રી નાયબસિંહ સૈનીજીની પ્રેરક ઉપસ્થિતિમાં હરિયાણા સરકાર અને અમૂલ ફેડરેશન વચ્ચે મહત્વપૂર્ણ MoU થયા હતા. જે અંતર્ગત ૧૨૦૦ કરોડનું રોકાણ અને આશરે ૨૦,૦૦૦ જેટલી રોજગારીની તકો ઉભી થવાની સંભાવના છે. આ પહેલથી ડેરી ક્ષેત્રના વિકાસ, પશુપાલકોની આર્થિક પ્રગતિ થકી સહકારી મોડલ વધુ મજબૂત બનશે.



ભારત સરકારના મક્કમ નેતૃત્વ હેઠળ સહકારી ક્ષેત્ર અવિરત પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે.

ભારતની સહકારી ચળવળ આજે એક ઐતિહાસિક પરિવર્તન અને સુવર્ણયુગમાંથી પસાર થઈ રહી છે. દાયકાઓ સુધી રાજકીય ઉપેક્ષા અને ભ્રષ્ટાચારનો ભોગ બનેલું આ ક્ષેત્ર ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતના યશસ્વી સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આજે દેશના ગ્રામીણ અર્થતંત્રનો પાયો મજબૂત કરનારું "સહકારથી સમૃદ્ધિ" નું વિઝન બની ગયું છે. કેન્દ્ર સરકારના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પગલાં આજે સહકારી ક્ષેત્રના વિકાસમાં સ્પષ્ટ પણે જોઈ શકાય છે.

મોદી સરકારના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પગલાં થી આજે સહકારી ક્ષેત્રના વિકાસમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે

ભારત આઝાદ થયા પછી પ્રથમવાર દેશમાં અલગ "સહકાર મંત્રાલય" ની રચના કરીને વર્તમાન કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્રને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આ પગલાં પાછળનો મુખ્ય ઉદ્દેશ "ગામડાંથી સમૃદ્ધિ" ના સંકલ્પને સાકાર કરવાનો છે. સરકારના આ મક્કમ નિર્ણયોને કારણે આજે સહકારી સંસ્થાઓ વધુ પારદર્શક, સક્ષમ અને ટેક્નોલોજીથી સજ્જ બની રહી છે.

દેશભરની હજારો પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) ને કોમ્પ્યુટર રાઈઝ્ડ કરીને બેન્કિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવી છે, જેનાથી ભ્રષ્ટાચારને મોટો ફટકો પડ્યો છે. અને ખેડૂતોને તેનો સીધો પારદર્શક લાભ મળી રહ્યો છે.

સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર, રાજકીય હસ્તક્ષેપ અને ગેરરીતિઓ અટકાવવા માટે મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી એક્ટમાં નવા કાયદા, કડક નિયમો અને સુધારાઓ લાવવામાં આવ્યા છે જેથી સામાન્ય સભાસદના હિતોનું રક્ષણ થઈ શકે.

ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારી ક્ષેત્રે ડેરી, ખાંડ સહકારી મંડળીઓ, ધીરાણ સેવા મંડળીઓ અને મત્સ્ય સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવાના ભાગરુપે સહકારી ક્ષેત્રમાં ટેક્સની છૂટછાટો અને આધુનિક માળખાકીય સુવિધાઓ માટે વિશેષ પેકેજો આપવામાં આવ્યા છે.

અગાઉ સામાન્ય નાગરિકો કે નાના ખેડૂતોને લોન મેળવવામાં ભારે મૂશ્કેલીઓ પડતી હતી. ત્યારે, તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા "૧૨ અને ૨૦ દૂધાળાં જાનવર યોજના " અંતર્ગત એક સાથે દૂધસાગર ડેરી કાર્યક્ષેત્રના ૧૧૦૦ થી વધુ પશુપાલકોની લોન એક સાથે મંજૂર થઈ તે જ બતાવે છે કે વર્તમાન કેન્દ્ર અને ગુજરાત સરકાર વાસ્તવમાં સાચી જન સરકાર છે. આજે સહકારી ક્ષેત્ર માત્ર રાજનિતીનું સાધન નથી રહ્યું પરંતુ તે ભારતને પાંચ ટ્રિલીયન ડોલરની અર્થ વ્યવસ્થા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. સરકારની નિતીઓ અને જન ભાગીદારીના કારણે પ્રામાણિકતા અને વિકાસનો નવો સૂર્યોદય થયો છે.

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા "12 અને 20 દૂધાળાં જાનવર યોજના" અંતર્ગત એક સાથે દૂધસાગર ડેરી કાર્યક્ષેત્રના 1100 થી વધુપશુપાલકોની લોન એક સાથે મંજૂર થઈ તે જ બતાવે છે કે વર્તમાન કેન્દ્ર અને ગુજરાત સરકાર વાસ્તવમાં સાચી જન સરકાર છે.

શ્વેતક્રાંતિના પ્રણેતા, સહકારી યુગના સર્જક શ્રી ત્રિભોવનદાસ પટેલની 123 મી જયંતિ નિમિત્તે GCMMF અને TSU દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ









અમૂલના શિલ્પી અને સ્થાપક શ્રી ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલનો જન્મ ૨૨ ઓક્ટોબર - ૧૯૦૩ ના રોજ ગુજરાતના ખેડા જિલ્લાના આણંદ નજીક થયો હતો. તેઓ ભારતના સહકારી દૂધ આંદોલનના અગ્રણી નેતા અને અમૂલની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર મહાન સહકાર્યકર હતા.

ત્રિભુવનદાસ પટેલે ડૉ.વર્ગીસ કુરિયન જેવા પ્રભાવશાળી સહયોગીઓ સાથે મળીને સહકારી દૂધ ઉદ્યોગના વિકાસને નવી દિશા આપી હતી અને ૧૪ ડિસેમ્બર ૧૯૪૯ ના રોજ ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સ્થાપનામાં તેમની મુખ્ય ભૂમિકા રહી હતી. તેમનું કાર્ય માત્ર દૂધના વ્યવસાય પૂરતું મર્યાદિત નહોંતુ ; તે ગ્રામ્ય અર્થતંત્ર, ખેડૂતોના શસક્તિકરણ અને સહકારની ભાવનાના પ્રતિક બન્યા હતા. તેથી ૧૯૬૩ માં તેમને રેમન મેગ્સેસ એવોર્ડ અને ૧૯૬૪ માં પદ્મભૂષણ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. 3 જૂન - ૧૯૯૪ ના રોજ ગુજરાતના ખેડૂતોને સંગઠિત કરીને સહકારી આંદોલનને જન આંદોલન બનાવનારા નેતા શ્રી ત્રિભૂવનદાસ અનંત યાત્રાએ નીકળી ગયા હતા.

તાજેતરમાં તેમની ૧૨૩ મી જન્મ જ્યંતિ નિમિત્તે અમૂલ (GCMMF) દ્વારા આયોજિત પ્રતિમા પુષ્પાંજલિ કાર્યક્રમ તથા ત્રિભુવન સહકારી યુનિવર્સિટી (T S U) - આણંદ દ્વારા આયોજિત વિભૂતિ વંદના કાર્યક્રમમાં દૂધસાગર ડેરી તથા GCMMF ના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. ત્રિભુવનદાસ પટેલના દૂરંદેશી નેતૃત્વ, નિષ્ઠાપૂર્ણ સેવાભાવ અને સહકારી ક્ષેત્રના વિકાસ માટેના અતુલનીય યોગદાનનું સ્મરણ કરી તેઓ શ્રીએ કોટિ-કોટિ વંદન કરી પોતાની ભાવાંજલિ પ્રગટ કરી હતી.

"ત્રિભુવન" સહકારી યુનિવર્સિટી (TSU) દ્વારા આયોજિત જન્મ જ્યંતિ કાર્યક્રમમાં અશોકભાઈ ચૌધરીએ શ્રી ત્રિભુવનદાસ પટેલજીનું સમગ્ર જીવન ખેડૂત કલ્યાણ, સહકારિતા અને ગ્રામ્ય ઉત્થાનના આદર્શોને સમર્પિત હતું અને આ મહાન માણસના સિધ્ધાંતો પ્રમાણે આપણે સૌ આગળ વધીએ તેવી વાત કરી પોતાની શબ્દાંજલિ પ્રગટ કરી હતી.

આ પ્રસંગે નેશનલ ફોરેન્સિક યુનિવર્સીટીના કુલપતિ દવે સાહેબ, TSU ના કુલપતિ પ્રો.ડૉ. એસ. પી.સિંહ, GCMMF ના વાઈસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલિયા, એમ.ડી શ્રી જયેનભાઈ મહેતા સહિત મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્વાસે શ્વાસે દૂધસાગર

નવરાત્રીના પાવનપર્વે શંકુઝ વોટરપાર્ક ખાતે ભવ્ય અમુલ કેફેનો આરંભ

GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને તેના નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ અમૂલના ઉત્પાદનો નવા રુપરંગ સાથે ગ્રાહકો સુધી પહોંચી રહ્યા છે



દૂધ અને દૂધની બનાવટોથી વૈશ્વિક બજાર હાંસલ કરનાર અમુલ બ્રાન્ડ હવે પોતાની ગુણવત્તાને અકબંધ રાખી અનેક નવા મુકામો સર કરી રહી છે. GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી અને સાથી નિયામક મંડળ તથા MD શ્રી જયેનભાઇ મહેતાના માર્ગદર્શન હેઠળ સુવિખ્યાત સ્થળોએ અમુલના દૂધના તમામ ઉત્પાદનો સહિત નાગરિકોને પીઝા, સેન્ડવિચ, ફ્રેન્ચ ફ્રાઇઝ, પાઉભાજી સહિતની વિવિધ સ્વાદિષ્ઠ ફાસ્ટફૂડ વાનગીઓ શુધ્ધતા, ગુણવત્તા અને અમુલના વિશ્વાસ સાથે આઉટલેટ ખુલવાની શરુઆતના ભાગરુપે નવરાત્રીના પાવનપ્રસંગે મહેસાણા અમદાવાદ હાઉવે ઉપર સ્થિત શંકુઝ હોલિડે રિસોર્ટ ખાતે ભવ્ય અને દિવ્ય કાફે અમુલનો GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

પામોલ ખાતે અર્નીકા કોમર્શીયલ ડેરી ફાર્મની મુલાકાતે અશોકભાઈ ચૌધરી સહિતના અગ્રણીઓ



આધુનિક સુવિધાઓ અને અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ પામોલના યુવા પશુપાલક શ્રી પવનભાઇ ચૌધરીના ડેરી ફાર્મની મુલાકાત લઈને ડેરી વ્યવસાયના આકાશમાં યુવાનો નવી ઉડાન ભરે તેવો ચેરમેનશ્રીએ આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતી વચ્ચે

પાટણ જિલ્લાના દૂધારામપુરા ખાતે અમુલ પાર્લરનો શુભારંભ





"જયાં જ્યાં દૂધ મંડળી ત્યાં ત્યાં અમુલ પાર્લર " સંકલ્પને આગળ વધારતાં પાટણ જિલ્લાના દૂધારામપુરા ખાતે દૂધ ઉત્પાદક મંડળી સંચાલિત અમૂલ પાર્લરનો દૂધસાગરના વડા શ્રી અશોકભાઇ ચૌધરીના વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો.

અમૂલ અને સહયોગના તમામ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો ગ્રામ્યજનોને પ્રાપ્ત થાય અને ગામડાનો પશુપાલક સભાસદ નફાનો ભાગીદાર બની બે પૈસા વધુ કમાય તેવા ઉમદા આશયથી શરુ કરવામાં આવેલ અમૂલ શૃંખલાના કર્મયજ્ઞ સમાન સુવાસિત એવા ઉત્સાજનક કાર્યક્રમમાં શ્રી અશોકભાઇ સાથે નિયામક મંડળના સભ્યશ્રી પ્રધાનજી ઠાકોર, શ્રી રમેશભાઇ દેસાઇ, અખિલ આંજણા કેળવણી મંડળ પાટણના પ્રમુખશ્રી રામસિંહભાઇ ચૌધરી, દૂધ મંડળીના પ્રમુખશ્રી કમાભાઇ ચૌધરી સહિત દૂધ ઉત્પાદક મંડળીના હોદ્દેદારો અને વિસ્તારના આગેવાનો સહિત મોટી સંખ્યામાં દૂધારામપુરાના ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતા.

સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષપદે કૃષિ અને સહકાર વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ





ગાંધીનગર ખાતે રાજ્યના સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષપદે કૃષિ અને સહકાર વિભાગની એક વર્ચ્યુઅલ સમીક્ષા બેઠકનું આયોજન થયું હતું. જેમાં, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આગામી તા.૩૦/૩૧ ઓક્ટોબરના રોજ યોજાનાર પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અને એકતા પરેડ અંગેની સમીક્ષામાં GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી તથા બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, GSC બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ સહિત વિવિધ દૂધસંઘો અને જીલ્લા સહકારી બેંકોના ચેરમેનશ્રીઓ તથા MD શ્રીઓ, રજીસ્ટ્રાર ઓફ કો-ઓપ. સોસાયટીઝ (RCS), જીલ્લા સહકારી સંઘોના પ્રમુખશ્રીઓ અને અન્ય પદાધિકારીઓ સાથે અધિકારીઓ રુબરુ અથવા વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

વિજાપુર તાલુકાના પામોલ મુકામે અમુલ પાર્લરનો આરંભ





ગામે-ગામ અમુલ પાર્લર ની વિકાસયાત્રા અવિરતપણે આગળ વધી રહી છે. જેના ભાગરુપે તા.૧૩ ઓક્ટોબર ના રોજ વિજાપુર તાલુકાના પામોલ ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળી સંચાલિત અમુલ પાર્લરનું દૂધસાગર ડેરીના વડાશ્રી અશોકભાઈ ચૌધરીના વરદ હસ્તે ઉદ્ઘાટન પૂર્ણ થયું.

આ પ્રસંગે ડેરીના વાઈસ ચેરમેનશ્રી દશરથભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી એન.ડી ચૌધરી, પૂર્વ ડિરેક્ટરશ્રી કનુભાઈ ચૌધરી, ખેતી બેંકના પૂર્વ ચેરમેનશ્રી રામજીભાઈ, જીલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય શ્રી મુકેશભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં પશુપાલક માતાઓ બહેનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અમુલ પાર્લર હવે, કુકરવાડા ગામને તંદુરસ્ત સુવિધાઓ પુરી પાડશે



સ્થાનિક દૂધ મંડળીઓ સશક્ત બનવાની સાથે ગ્રામ્યજનોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મળી રહે તે માટે અમુલ પાર્લરના કોન્સેપ્ટને ભરપુર આવકાર મળી રહ્યો છે જેના ભાગરુપે તાજેતરમાં અશોકભાઈ ચૌધરીએ કુકરવાડા ખાતે અમુલ પાર્લરનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં, વાઈસ ચેરમેન દશરથભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી ND ચૌધરી, કુકરવાડા નાગરિક બેંકના ચેરમેનશ્રી કિર્તીભાઈ પટેલ, સેવા સહકારી મંડળીના ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ સહિત વિસ્તારના આગેવાનો અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની પ્રેરક હાજરીમાં

વિસનગરના ધામણવા ખાતે અમુલ પાર્લર અને પી.એમ. અન્નભંડારનું ઉદ્‌ઘાટન થયું






તાજેતરમાં વિસનગર તાલુકાના ધામણવા ખાતે એક સાથે અનેક ઉમદા કામોના શુભારંભ અને માનવતાના ધોરણે થયેલા સેવાકાર્યોની સરાહના કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ આ કાર્યક્રમમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) અને GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને ડિરેક્ટરશ્રી આશાબેન ભરતભાઈ પટેલના સાનિધ્યમાં "જ્યાં જ્યાં દૂધમંડળી - ત્યાં ત્યાં અમુલ પાર્લર" સૂત્રને સાકાર કરતાં ધામણવા દૂધ ઉત્પાદક મંડળી દ્વારા સંચાલિત અમુલ પાર્લરનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ સાથે, પ્રધાનમંત્રી અન્નભંડારનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામમાં પીવાના પાણીની પરબ તથા ધામણવા ગામની ગંગા સ્વરુપ માતા બહેનોને સાડી વિતરણ કરનાર દાતાશ્રીઓનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરી તેમના સમાજસેવાના ઉમદા કાર્યોની પ્રસંશા કરવામાં આવી. સરકાર અને સહકાર ના સમન્વયથી ગામડાઓ વધુ સશક્ત બને અને ગ્રામ્યકક્ષાએ વધુ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે આ બંને શક્તિઓ સાથે મળીને કાર્ય કરશે તો વાસ્તવમાં દેશનો વિકાસ શક્ય બનશે તેવો સંદેશ આ મંચ પરથી મુકવામાં આવ્યો.

આ પ્રસંગે, જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મનોજભાઈ પટેલ સહિત સહકારી મંડળીઓના હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતા.

MD શ્રીના ટેબલ પરથી ... દિપાવલીની મંગલમય શુભકામનાઓ

દૂધ ઉત્પાદકોની સમૃદ્ધિ એજ અમારી પ્રાથમિકતા




મહેસાણા દૂધસાગર ડેરી સાથે જોડાયેલા સૌ પશુપાલકો, અધિકારીઓ અને કર્મચારીઓને દિપાવલી તથા નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ.

દૂધસાગર ડેરીની સતત પ્રગતિમાં સૌ પશુપાલકોનો અમૂલ્ય ફાળો રહ્યો છે. આધૂનિક પ્લાન્ટ, નવી ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક પશુપાલન દ્વારા દૂધ ઉત્પાદન વધારવાની સાથે ઉત્પાદન ખર્ચ ઘટાડવાના પ્રયાસો સતત થઈ રહ્યા છે.

વર્તમાન સમયમાં પેટ્રોલિયમ પેદાશો, પશુદાણ, પેકિંગ મટેરિયલ અને પરિવહન ખર્ચમાં વધારો થવાથી પશુપાલનનો ખર્ચ વધ્યો છે. આ પડકારો વચ્ચે પણ પશુપાલકોને પોષણક્ષમ ભાવ મળી રહે અને તેમની આર્થિક સમૃદ્ધિ વધે તે માટે મહેસાણા દૂધસંઘ ચેરમેનશ્રી અશોકભાઈ અને નિયામક મંડળ ના માર્ગદર્શન હેઠળ સતત પ્રયત્નશીલ છે.

દૂધસાગર ડેરીના છ દાયકાથી પણ વધુની સફળમાં ડેરીની ઉત્તરોઉત્તર પ્રગતિ થઈ રહી છે. હું છેલ્લા ૪૦ વર્ષથી દૂધસાગરની સફરનો સાક્ષી રહ્યો છું. અને છેલ્લા છ વર્ષમાં દૂધસાગર ડેરીએ પ્રગતિના પંથે જે રફ્તાર પકડી છે એમાં, આપ સૌનો વિશ્વાસ કામ કરી રહ્યો છે. ત્યારે આવો આપણે બધા સાથે મળીને સહકારની ભાવનાને વધુ મજબૂત કરી, પડકારોનો સામનો કરીએ અને દૂધ ઉત્પાદન તથા પશુપાલકોની આવકમાં વધારો થાય તે માટે સંકલ્પબદ્ધ બનીએ.

શ્રી પ્રવિણકુમાર ભામ્ભી
(ઈન્ચાર્જ MD - દૂધસાગર ડેરી)



સ્નેહ, સમૃદ્ધિ અને સહકારના નવા સૂર સાથે . . . . . .

સૌને દિપાવલી અને નૂતન વર્ષા અભિનંદન

મારા વહાલા પશુપાલક માતાઓ - બહેનો, ભાઈઓ અને સહકારી પરિવારજનોને ...

સ્નેહભર્યા જય અંબે !!

દિપાવલીના પાવન પર્વે અને આવનારા નૂતનવર્ષના મંગલ પ્રારંભે આપ સૌને હદયપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું.

દિપાવલી એટલે માત્ર દીવડાં પ્રગટાવવાનો તહેવાર નહીં, પરંતુ આશાનાં અજવાળાં પાથરવાનો, સબંધોમાં સ્નેહની સુવાસ પ્રસરાવવાનો અને જીવનમાં નવી ઉર્જા સાથે આગળ વધવાનો પવિત્ર અવસર. આવનારું નવું વર્ષ આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય, સમૃદ્ધિ અને પ્રગતિની નવી તકો લઈને આવે, આપના આંગણે આનંદના દીપ ઝળહળતા રહે અને દરેક પશુપાલક પરિવારની સુખાકારીમાં ઉત્તરોત્તર વધારો થાય તેવી અંત:કરણપૂર્વક પ્રાર્થના.

આપણા બધા માટે દૂધસાગર ડેરી માત્ર એક સંસ્થા નથી ; તે લાખો પરિવારોની આશા, વિશ્વાસ અને પરિશ્રમથી ધબકતું એક વિશાળ સહકારી કુટુંબ છે.

આજે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ - દૂધસાગર ડેરી સાથે જોડાયેલી ૧૫૦૦ થી વધુ દૂધ મંડળીઓ અને પાંચ લાખ થી વધુ પશુપાલક માતાઓ - બહેનો તથા ભાઈઓનું યોગદાન આપણા સહકારી પરિવારની સૌથી મોટી મૂડી છે. આપ સૌના પરિશ્રમના પરસેવાના ટીપાં - એ દૂધનાં ટીપાં બનીને અનેક પરિવારોના જીવનમાં સમૃદ્ધિનું અજવાળું પાથરે છે. પશુપાલક માતાઓ - બહેનોની મમતા, ભાઈઓની મહેનત, પશુધનની સેવા અને સહકારની ભાવના આપણા સમગ્ર ડેરી ઉદ્યોગને મજબૂત બનાવે છે.

મને હંમેશાં એ વાતનો ગર્વ રહ્યો છે દૂધસાગર ડેરીની સાચી તાકાત તેનું વિશાળ માળખું નહીં, પરંતુ તેની સાથે જોડાયેલ દરેક પશુપાલક પરિવાર છે. આપનો વિશ્વાસ જ અમારી પ્રેરણા છે. આપની પ્રગતિ જ અમારી સફળતા છે અને આપના ચહેરા પરનું સ્મિત જ અમારી સાચી દિવાળી છે.

સહકારનું સૌદર્ય જ એ છે કે અહીં વ્યક્તિગત પરિશ્રમ સામૂહિક સમૃદ્ધિમાં પરિવર્તિત થાય છે. એક પશુપાલકની મહેનતથી એક પરિવારનું જીવન ઉજળું બને છે. એક દૂધ મંડળીની પ્રગતિથી ગામની આર્થિક સ્થિતિ મજબૂત બને છે. અને અનેક ગામડાંઓની એકતાથી સમગ્ર પ્રદેશના વિકાસને નવી દિશા મળે છે. આ જ આપણા સહકારની શક્તિ છે. આ જ આપણી પરંપરા છે અને આ જ આપણા ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે.

અમારો સતત પ્રયાસ રહ્યો છે કે પશુપાલકોને તેમના દૂધનું યોગ્ય વળતર મળે, પશુપાલન વધુ આધુનિક અને નફાકારક બને, પશુઓનું આરોગ્ય જળવાય, દૂધની ગુણવત્તા સુધરે અને પશુપાલક પરિવારોની આવક તથા જીવનધોરણ ઉત્તમ બને. આવનારા સમયમાં પણ આપ સૌના સહયોગ અને વિશ્વાસથી સહકારી પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવી, ગામડાંની અર્થ વ્યવસ્થાને નવી ઉંચાઈએ લઈ જવા માટે આપણે સૌ સાથે મળીને આગળ વધીશું.

અમૂલની સહકારી વિચારધારા આપણને સતત યાદ અપાવે છે કે જ્યારે ખેડૂત અને પશુપાલક કેન્દ્ર સ્થાને હોય, ત્યારે વિકાસનાં ફળ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી શકે છે. આ વિશ્વાસને વધુ દ્રઢ બનાવતાં ગુણવત્તા, પારદર્શિતા, નવીનતા અને પશુપાલક કલ્યાણને પ્રાથમિકતા આપીને સહકારી ક્ષેત્રને વધુ સશક્ત બનાવવું એ આપણી સૌની સહિયાળી જવાબદારી છે.

આ અવસરે, હું સહકારી ક્ષેત્રને ઉદારતાથી મદદરુપ થનાર ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, ગૃહ અને સહકારમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો પણ આભાર વ્યક્ત કરું છું. આપણે સૌ સાથે મળીને નૂતનવર્ષનો પાયો રચીએ, જ્યાં મહેનતનું સન્માન થાય. પરિશ્રમનું યોગ્ય મૂલ્ય મળે. બહેનોની ભાગીદારી વધુ મજબૂત બને અને આપણા યુવાનોને પશુપાલન તથા સહકારી ક્ષેત્રમાં નવી તકો પ્રાપ્ત થાય.

એજ આપનો ભવદિય,

અશોક બી. ચૌધરી

ચેરમેન, GCMMF / દૂધસાગર ડેરી

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રી: મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા